# કાર પર ટરબો ટ્રક પલટી જતાં સર્જાયેલ અકસ્માતમાં ૪ના મોત



યાત્રાધામ અંબાજી નજીક આજે સવારનાં સુમારે ટવેરા કાર ઉપર ચુનો ભરેલી ટરબો ટ્રક પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. અંબાજી આવી રહેલી ટવેરા કાર અને અમદાવાદ તરફ જઈ રહેલી ટરબો ટ્રક ઉમરાફળીયા ને ચિખલા ગામની સીમના વળાંકમાં પલટી જતાં ટવેરામાં બેઠેલાં આઠ મુસાફરો પૈકી ૪ યાત્રીકોનાં ઘટના સ્થળેજ મોંત નિપજ્યાં છે. ત્યારે અન્ય ૪ વ્યક્તીઓને ગંભીર ઈજાઓ થતાં અંબાજીની કોટેજ હોસ્પીટલમાં લઈ જવાયાં હતા. આ અકસ્માતમાં મૃત્યુ પામનાર અને ઘાયલ યાત્રીકો આણંદનાં અંબાવગામનાં હોવાનું જાણવાં મળેલ છે. આ બાબતની જાણ પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

## ઓવરહેડ પાણી ટાંકીમાંથી ગાંધીનગર આરોગ્ય ટીમે પાણીના સેમ્પલ લીધા

### પાલનપુર રાણીબાગની ઓવરહેડ પાણી ટાંકીમાં મરેલા પક્ષીઓથી પાણી દુષિત બન્યુ હોવાનો અહેવાલ બાદ સેમ્પલ લેવાયા

પાલનપુર, તા.૧૭

પાલનપુર શહેરના ના દિલ્હીગેટ અને કોટ વિસ્તાર માં દુષિત પાણીના લીધે કમળા ના રોગ



એ હાહાકાર મચાવી દીધો છે છેલ્લા છ વર્ષથી રાણીબાગ ની ટાંકી ઉપરના ભાગ ખુલ્લો હોવાથી તૂટેલા ટાંકાના ઢાંકણા ઉપર કંતાન બાંધી દેવામાં આવ્યું હતું જેના લીધે પાણી ટાંકીમાં મરેલા પક્ષીઓથી પાણી દુષિત થતા નગરજનો કમળા ના રોગ થી પીડાઈ રહયા હતા જેનો અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ આરોગ્ય તંત્ર હરકત માં આવી ગયું હતું આજે ગાંધીનગર થી આરોગ્ય ની ટિમ પાલનપુર શહેરમાં માં આવેલા રાણીબાગ ના ટાંકી ની મુલાકત લીધી હતી જો કે સરકારી બાબુઓ માત્ર કાગળ પર કામ કરતા હોય તેમ ઓવરહેડ ટાંકી ઉંચાઈ જોઈને ડરી ગયેલા સરકારી અધિકારીઓ ની ટીમ એ ટાંકી ની ઉપર જવાનું ટાળ્યું હતું અને નીચેથી પાણી ના સેમ્પલ લઈને રવાના થઇ ગયા હતા અંદાજિત ૧૩ લાખ લીટર ની પાણી ની સમતા ધરાવતું આ પાણી ટાંકી માંથી ૧ લાખ થી વધુ લોકો પાણી નો ઉપયોગ કરે છે ત્યારે દુષિત પાણી ના લીધે રોગચાળા ની દહેશત વચ્ચે એક તરફ લોકો જીવી રહયા છે તો બીજી તરફ આરોગ્ય તંત્ર પાણી જન્ય ગંભીર રોગચાળા ની તાપસ માં બેદરકારી દાખવી રહયું છે ગાંધીનગર આરોગ્ય કમિશનર વિભાગ માંથી આવેલ ડો વી એસ ધુર્વએ સાથે ની વાતચીત ના જણાવ્યું હતું કે પાલનપુર માં થતા વારંવાર કમળા રોગ ને નાબૂદ કરવા શહેરના વિસ્તાર માં પાણી ના સેમ્પલ લઈ રિપોર્ટ તૈયાર કરવા માટે તપાસ ચાલી રહી છે.

## શામળાજી પાસે ૭.૯૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### ટ્રક કન્ટેનરમાં ભરેલ ઘરવખરીના સામાનની આડમાં છુપાવીને દારૂનો જથ્થો લઈ જવાતો હતો : એક આરોપીની ધરપકડ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક વેણપુર ગામની સીમમાંથી ટ્રક કન્ટેનરમાં ઘરવખરીના




આડમાં છુપાવીને લઈ જવાતો ગેરકાયદેસર વિદેશી દારૂનો રૂ. ૭.૯૯ લાખના જથ્થા સાથે હરિયાણાના એક શખ્સની અટકાયત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસ મથકના પો.કો. અલ્પેશસિંહ કરણસિંહે પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના હરિયાણાના ફિરોજપુરના રહીશ આરોપી આસામ કુરમત મુસલમાન પોતાના કબજાની ટ્રક કન્ટેનરમાં ઘરવખરીના સામાનની આડમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને શામળાજી નજીક આરટીઓ ચેકપોસ્ટ પાસેથી પસાર થઈ રહ્યો હતો.

દરમિયાન શામળાજી પોલીસે વેણપુર ગામની સીમમાંથી આ ટ્રક કન્ટેનરને રોકી તેમાંથી તલાશી હાથ ધરતા વિદેશી દારૂની ૧૮૮ પેટીઓમાં ૭૦૩૨ બોટલ-ટીન નંગ મળી આવ્યા હતા. પોલીસે આરોપી શખ્સને ઝડપી લઈ દારૂનો જથ્થો રૂ. ૭.૯૯ લાખ અને ટ્રક કન્ટેનર મળી રૂ. ૧૭.૯૯ લાખનો મુદ્દામાલ કબજે લઈ ઈપીકો કલમ ૬૬-૧બી, ૬૨-એઈ, ૧૧૬-બી અને ૮૮, ૮૩ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પોસઈ એચ.પી. ઝાલાએ હાથ ધરી છે.



મહેસાણા જિલ્લા ઈ-ટ્રાન્ઝેકશન તરફ આગળ વધી રહ્યો છે મહેસાણા જિલ્લો ડીજીટલ પેમેન્ટ થકી કેશલેસ થઈ રહ્યો છે. જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા કેશલેસ થવાના અથાગ પ્રયાસો થઈ રહ્યા છે જેના ભાગ રૂપે મહેસાણા મામલતદાર કચેરી આજે કેશલેસ બની હતી. મહેસાણા મામલતદાર કચેરીમાં ત્રણ પોઈન્ટ ઓફ સેલ્સ મશીન આસિટન્ટ કલેકટર અરૂણ મહેશબાબુના હસ્તે મુકવામાં આવ્યા હતા. મહેસાણા મામલતદાર કચેરીમાં આ ત્રણ મશીન થકી અરજદારોને રોકડ કે છુટાથી મુક્તી મળશે. આ ઉપરાંત કેશલેસ વ્યવહારથી મામલતદાર કચેરીમાં કરેલ વ્યવહારની પાવતી પણ મળશે. આસિટન્ટ કલેકટર અરૂણ મહેશબાબુએ જણાવ્યું હતું કે રાજ્યમાં સૌ પ્રથમ મહેસાણા મામલતદાર કચેરી કેશલેસ બની છે. જેમાં ત્રણ પીઓએસ મશીન મુકવામાં આવ્યા છે. અરજદારો ડેબીટ કાર્ડ કે ક્રેડીટ કાર્ડ દ્વારા વ્યવહાર કરી શકશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રેકર્ડ, ઈ-ધરા, અને એ.ટી.વી.ટીની તમામ સેવાઓ કેશલેસ થવાની છે. ઈ ધરામાં વિવિધ પ્રકારના ઉતારાઓ જેવા કે ૬., ૦૭-૧૨, ૮અ સહિતના ઉતારાઓની નકલ માટે અરજદાર કેશલેસ વ્યવહાર કરી શકશે. આ ઉપરાંત જનસેવા કેન્દ્રમાં મળતી તમામ પ્રકારની સેવાઓને કેશલેસ કરાઈ છે. રેવન્યુ રેકર્ડની નકલ માટે અરજદારે માંગણી કરી હોય તો તે નકલની રકમની ચુકવણી ડીજીટલાઈઝેશન દ્વારા થઈ શકશે.

## મોડાસામાં સ્ટેટ બેંકના એટીએમનું લાઈટબીલ પેટીએમથી યુજીવીસીએલમાં ભરવા છતાં કંપનીએ રૂપિયા ન ચૂકવતા વીજજોડાણ કટ

### પેટીએમથી પેમેન્ટ કરનાર ગ્રાહકો માટે ચોંકાવનારી ઘટના

મોડાસા, તા. ૧૭

નોટબંધી બાદ સરકારે દેશમાં લેવડ-દેવડ કેશલેસથી કરવાનો દેશવાસીઓને જાહેરાતો દ્વારા અને સેમીનાર યોજી આ દિશામાં અનેક પગલા ભરવાનું આયોજન કરી રહી છે. ઓનલાઈન પેમેન્ટ કરનારા અને ઓનલાઈન વિવિધ ખરીદી કરનારા લોકો વારંવાર કોન્યુનીકેશન ગેપના લીધે મુશ્કેલીઓનો સામનો કરવાનો અને છેતરપીંડી થવાના અનેક કિસ્સાઓ બન્યા છે. મોડાસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના માલપુર રોડ પર આવેલા ૨૪૫ એપાર્ટમેન્ટના એ.ટી.એમ. મશીનનું વીજ જોડાણ યુજીવીસીએલ મોડાસા દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ નિયત મર્યાદામાં વિજબીલ ન ભર્યાનું કારણ દર્શાવી વિજ જોડાણ કાપી નાખતા એટીએમ મશીનો થોડા સમય ખોટકાઈ ગયુ હતુ. જ્યારે સ્ટેટ બેંક ઓફ મોડાસા દ્વારા વીજબીલ પેટીએમથી ચૂકવી દીધુ હોવા છતાં પેટીએમ કંપનીએ યુજીવીસીએલ કંપનીમાં જમા ન કરતા વિજજોડાણ કપાઈ જતા હોબાળો મચી ગયો હતો. છેવટે યુજીવીસીએલ દ્વારા વીજ જોડાણ પૂર્વરત કરાતા એટીએમ લોક ઉપયોગી બન્યુ હતુ.

મોડાસા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું એટીએમ માલપુર રોડ પર આવેલા ૨૪૫ એપાર્ટમેન્ટનું શુક્રવારે બપોરે યુજીવીસીએલ કચેરી દ્વારા વીજજોડાણ કાપી નાખતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના અધિકારીઓ ચોકી ઉઠ્યા હતા. આ ઘટનાની જાણ થતા તાબડતોડ સ્ટેટ બેંક ઓફ મોડાસાના અધિકારીઓ દ્વારા યુજીવીસીએલ કચેરીમાં પહોંચી ઓનલાઈન પેટીએમ કંપનીથી બીલ ભરી દીધાનું જણાવતા યુજીવીસીએલના કર્મચારીઓએ વીજ બીલ ભરાયુ ન હોવાનુ જણાવી બાકીની યાદીમાં એટીએમનું નામ હોવાથી વીજ કનેક્શન કાપી નાખ્યુ હોવાનુ જણાવી દેવામાં આવ્યુ હતુ. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બીલ ભરી દેવાની ખાતરી આપતા યુજીવીસીએલ કર્મચારીઓએ વીજ કનેક્શન ફરીથી જોડી આપવામાં આવતા એટીએમ મશીન પૂર્વરત બન્યુ હતુ. આ સમગ્ર ઘટનાની ઓનલાઈન બીલ ભરતા અને પેટીએમ વાપરનારાઓમાં ચકચાર મચી ગઈ હતી.

### ડીજીટલ કરન્સી અને પેટીએમ વાપરનાર ગ્રાહકોમાં ચિંતા ફેલાઈ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ તેનુ એટીએમ મશીનનું વીજબીલ પેટીએમથી ભર્યુ હોવા છતાં પેટીએમ કંપનીએ યુજીવીસીએલને ચુકવણુ ન કરતા વીજ જોડાણ કાપી નાખવામાં આવ્યુ હતુ પરંતુ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ બીલ ભરી દીધાની જાણ કરવાથી અને ફરીથી કેશ રૂપે બીલ ધિરવાની બાંહેધરી આપતા વીજપ્રવાહ પૂર્વરત કરાયો હતો ત્યારે સામાન્ય લોકો અને આમ આદમી પેટીએમથી વીજબીલ ભરેલા હોવાથી તેમનુ વીજકનેક્શન પેટીએમ કંપનીની બેદરકારીથી કપાઈ તો નહિ જાય ને ? તેવી ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા.

### યુજીવીસીએલના કર્મચારીઓએ એટીએમનું વીજ જોડાણ કાપી શુરાતન બતાવ્યુ

અરવલ્લી જિલ્લાના અંતરીયાળ વિસ્તારો અને શહેરોમાં પણ વીજ ચોરી મોટા પ્રમાણમાં કરવામાં આવી રહી છે. ત્યારે નોટબંધીથી થાકેલા લોકોને મદદરૂપ થતા એટીએમ મશીનું વીજ જોડાણ કાપી નખાતા પ્રજાજનોમાં યુજીવીસીએલ પર આક્રોશ ઠાલવ્યો હતો અને એટીએમ ગ્રાહકો જણાવતા હતા કે યુજીવીસીએલ દ્વારા વીજ જોડાણ કાપતા પહેલા સ્ટેટ બેંક ઓફ મોડાસાનો સંપર્ક કર્યો હોત તો એટીએમ મશીન ખોટકાઈ ના ગયુ હોત. એટીએમ મશીન બંધ રહેતા લોકોને ભારે હાલાકી પડી હતી. ત્યારે બીજીબાજુ કેટલાય લોકો વીજચોરી કરે છે તેની સામે કેમ પગલા નથી લેવાતા ?




## મહેસાણા જિલ્લામાં નગરપાલિકા વિસ્તારના સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા.૧૭

મહેસાણા નગરપાલિકા વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ ૨૩ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ કડી ટાઉનહોલ ખાતે, ઉંઝા મોલ્લોત પાર્ટની વાડી ખાતે અને મહેસાણા નગરપાલિકા સિવિક સેન્ટર ટી.બી રોડ ખાતે યોજાશે. સેવા સેતુ કાર્યક્રમ સવારે ૦૯-૦૦ કલાકે યોજાશે.

## મોડાસા હાઈસ્કૂલના શિક્ષક સ્વ. નાયકની શોકસભા યોજાઈ

સાકરીયા, તા. ૧૭

ધનસુરા નજીક ગમખ્વાર અકસ્માતમાં અકાળે અવસાન પામેલ શિક્ષક એસ.જી. નાયકની શાળામાં શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, હોદ્દેદારો, શાળાના આચાર્ય મનીષભાઈ જોષી, આચાર્ય આર.સી. મહેતા સહિતના શાળા પરિવારજનોએ સદગતના આત્માને શાંતિ અર્પવા પ્રાર્થનાસભા, ભજન અને મૌન પાળવામાં આવ્યું હતું અને સદ્ગતની યાદમાં શાળા સંકુલમાં છોડ વાવવામાં આવ્યો હતો.

## સરડોઈના જીપચાલક દલિત યુવાનના મોતની તપાસ માટે અરવલ્લી જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર અપાયુ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામના દલિત સમાજના યુવાન જીપચાલક વિરાભાઈ રામાભાઈ વણકરનો મૃતદેહ એક મહિના અગાઉ શામળાજી-ગોધરા હાઈવે નજીક મરડીયા સ્ટેન્ડને અડીને આવેલા અવાવરૂ કૂવામાંથી શંકાસ્પદ સંજોગોમાં મળી આવ્યો હતો. પરિવારજનોના હત્યાના આક્ષેપ પછી મોડાસા રૂરલ પોલીસ દ્વારા પેનલ પી.એમ. કરાવ્યુ હતુ અને



પરિવારજનો હત્યા કરનાર તરીકે શંકાસ્પદ ૪ શખ્સોના નામ આપ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે દલિત યુવાનના મોતનું સાચુ કારણ જાણવા માટે અને હત્યારાઓને છાવરવામાં આવતા હોય તેમ ઢીલી નીતિ અપનાવતા અને મોડાસા રૂરલ પોલીસને હત્યા થઈ હોવાના અન્ય મોબાઈલ રેકોર્ડીંગ પુરાવા આપવા છતાં યોગ્ય કાર્યવાહિ ન કરાતા દલિત સમાજમાં આક્રોશ ફેલાયો હતો. શુક્રવારે મોટી સંખ્યામાં દલિત સમાજના અગ્રણીઓ, મહિલાઓ અને સરપંચ જયદત્તસીંહ પુવારે જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરને આવેદન પત્ર આપી ન્યાયિક તપાસની માંગ કરી હતી.



દાંતીવાડા કોલોની ખાતે દાંતીવાડા તાલુકા કોંગ્રેસના પ્રમુખ નટવરસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને સભા મળેલ જેમાં તા. ૨૧-૧૨-૨૦૧૬ના રોજ રાષ્ટ્રીય કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પધારવાના હોઈ ગુજરાતની પ્રજાની વેદનાને વાચા આપવા મોટી સંખ્યામાં લોકોને ઉમટી પડવા માટે હાકલ કરી હતી. આ પ્રસંગે પ્રદેશમાંથી ડૉ. દિનેશ પરમાર ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ. આ પ્રસંગે ધારાસભ્ય જોયતાભાઈ પટેલ, નાથાભાઈ પટેલ, રાવજી બા, નટવરસિંહ વાઘેલા, ડામરાજી રાજગોર, ડૉ. વિનોદભાઈ ગેલોતર તથા કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પાલનપુરમાં કેશલેશ ટ્રાન્જેક્શન અભિયાનનો પ્રારંભ

બનાસકાંઠા જિલ્લાને કેશલેશ બનાવવા કેન્દ્ર સરકારના કેશલેશ ટ્રાન્જેક્શન યોજના અંતર્ગત પાલનપુર ખાતે વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રો દ્વારા “કેશલેશ ટ્રાન્જેક્શન અભિયાન” હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં પાલનપુર દાતા અને વડગામની વિવિધ શાળાઓ બાળકોને એપ્લીકેશન ડાઉનલોડ, મોબાઈલ બેંકીંગ, કેશલેશ ટ્રાન્જેક્શન સહિતની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના ચેરમેન ગૌરાંગ પાધ્યા, પ્રોજેક્ટ ઈન્ચાર્જ મેહુલભાઈ ગઢવી, સંજયભાઈ મેહુલભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.